# અત્યંત મહત્વપૂર્ણ
# નિયમો અને શરતો

ટ્યતિશજ્ઞક્ષ 1.48

HDFC BANK
We understand your world

## 1. ફીઝ અને ચાર્જીસ

### A. કાર્ડમૅમ્બર દ્વારા ક્રેડિટ કાર્ડ પર ચૂકવવાપાત્ર ફીઝ

- વાર્ષિક ફીઝ
- રિન્યૂઅલ ફીઝ

પ્રત્યેક કાર્ડમૅમ્બર માટે ઑફર-દર-ઑફર ફીઝ અલગ હોઇ શકે છે. ક્રેડિટ કાર્ડ માટેની અરજી કરતી વખતે કાર્ડમૅમ્બરને આ બાબતમાં જાણ કરવામાં આવે છે. લાગુ થવાપાત્ર મુજબની ઉપરોક્ત ફીઝ કાર્ડ ઍકાઉન્ટને બિલ કરવામાં આવે છે અને એને ચાર્જ કરાયેલ છે એ મહિનાના કાર્ડ સ્ટેટમેન્ટમાં જણાવવામાં આવે છે.

### B. કેશ ઍડવાન્સ ફીઝ

કાર્ડમૅમ્બર ભારતમાં અથવા પરદેશમાં એટીએમ્સમાંથી ઇમર્જન્સીમાં રોકડ રકમ મેળવવા માટે કાર્ડનો ઉપયોગ કરી શકે છે. 2.5%ની ટ્રાન્ઝેક્શન ફીઝ (ન્યૂનતમ રૂ.300/-) ઉપાડવામાં આવેલી રકમ પર વસૂલ કરવામાં આવશે અને કાર્ડમૅમ્બરને ત્યાર પછીના સ્ટેટમેન્ટમાં બિલ કરવામાં આવશે. ટ્રાન્ઝેક્શન ફી એચડીએફસી બેંકની મુનસફી પર પરિવર્તનને આધિન છે. બધાં જ કેશ ઍડવાન્સીસ ઉપાડની તારીખથી સંપૂર્ણ પેમેન્ટની તારીખ સુધી રિવૉલ્વિંગ ક્રેડિટ (કૃપયા ચાર્જીસની સારણી વાંચો) પરના ચાર્જીસની સમકક્ષ ફાઇનાન્સ ચાર્જ પણ વહન કરે છે. ફાઇનાન્સ ચાર્જીસ એચડીએફસી બેંકની મુનસફીને આધિન છે.

### C. ચાર્જીસ

(i) સમય-સમય પર લાગુ થવાપાત્ર ચાર્જીસ અને ફીઝ કાર્ડમૅમ્બરને એચડીએફસી બેંકદ્વારા પૂરી પાડવામાં આવેલી વિશિષ્ટ સેવાઓ માટે અથવા પોતાના કાર્ડ ઍકાઉન્ટના સંદર્ભમાં કાર્ડમૅમ્બર દ્વારા આપવામાં આવેલા વચનના ડિફૉલ્ટ માટે કાર્ડમૅમ્બર દ્વારા ચૂકવવાપાત્ર હોઇ શકે છે.

(ii) એચડીએફસી બેંક ગ્રાહકને સૂચિત કરીને, સમય-સમય પર કોઇ ચાર્જીસ અથવા ફીઝમાં સુધારો કરવાનો અથવા એને યોગ્ય લાગે એ રીતે નવા ચાર્જીસ અથવા ફીઝને ઇન્ટ્રોડ્યુસ કરવાના પોતાના અધિકારને જાળવી રાખે છે.

### D. વ્યાજ-મુક્ત અવધિ

નિર્ધારિત ક્રેડિટ કાર્ડ પર લાગુ થવાપાત્ર સ્કીમ (કૃપયા ચાર્જીસની સારણી વાંચો) અને મર્ચન્ટ દ્વારા દાવાઓને જમા કરાવવાને આધિન રહીને વ્યાજ-મુક્ત ક્રેડિટ અવધિ 20થી 50 દિવસની હોઇ શકે છે. આમ છતાં, જો પાછલા મહિનાના બૅલેન્સને સંપૂર્ણપણે ક્લિયર કરવામાં આવ્યું ના હોય અથવા કાર્ડમૅમ્બરે એટીએમમાંથી રોકડ મેળવી હોય તો આ લાગુ થવાપાત્ર નથી. દાખલા તરીકે, એચડીએફસી બેંકઇન્ટરનેશનલ પ્લેટિનમ પ્લસ કાર્ડ 50 દિવસ સુધીની વ્યાજ-મુક્ત ક્રેડિટ અવધિ ધરાવે છે. અર્થાત્ જેની બિલિંગની તારીખ મહિનાની 4થી તારીખ હોય તો એ પોતાના કાર્ડ પર 5મી એપ્રિલથી 4થી મે સુધી ખર્ચ કરી શકે છે. એનું બિલ 4થી મેના રોજ બનશે અને એની પેમેન્ટની ડ્યૂ થતી તારીખ હશે 24મી મે. આમ, 14મી એપ્રિલે કરવામાં આવેલી ખરીદી 41 દિવસોની ક્રેડિટ અવધિ ધરાવશે, જ્યારે 2જી મેના રોજ કરેલી ખરીદી 23 દિવસની ક્રેડિટ અવધિ ધરાવશે. આ અવધિ તો જ વ્યાજ-મુક્ત હશે, જો પાછલાં બધા જ ડ્યૂ સંપૂર્ણપણે ચૂકવી દીધા હશે અને પાછલા મહિનામાંથી કોઇ પણ ના ચૂકવાયેલા બૅલેન્સને આગળ ખેંચવામાં આવ્યું નહીં હોય.

## 2. સીમાઓ

એચડીએફસી બેંકપોતાની મુનસફીથી કાર્ડમૅમ્બરની ક્રેડિટ સીમા અને રોકડ ઉપાડવાની સીમાને નક્કી કરશે. (એડ-ઓન કાર્ડમૅમ્બર એ જ સીમા ધરાવશે). આ સીમાઓને કાર્ડની ડીલિવરી આપતી વખતે અને માસિક સ્ટેટમેન્ટમાં કાર્ડમૅમ્બરને જણાવવામાં આવશે. સ્ટેટમેન્ટ બનાવવાના સમયે ઉપલબ્ધ ક્રેડિટ સીમાને માસિક સ્ટેટમેન્ટના એક ભાગ રૂપે આપવામાં આવે છે. એચડીએફસી બેંક સમયાંતરે કાર્ડમૅમ્બરના ઍકાઉન્ટનું પુર્નઅવલોકન કરશે અને આંતરિક માપદંડના આધાર પર કાર્ડમૅમ્બરની ક્રેડિટ સીમાને ઘટાડી શકે છે. આવા પ્રસંગે બેંક આ માટેના કારણને સામેલ કરીને તરત જ એસએમએસ/-ઇમેલ દ્વારા જાણ કરશે અને પછી લેખિતમાં એની પુષ્ટિ કરશે. જે કાર્ડમૅમ્બર પોતાની ક્રેડિટની સીમાને વધારવા માગતો હોય એ બેંકને આ બાબતમાં લેખિતમાં જાણ કરીને અને પોતાની આવકની ઘોષણા કરતા આર્થિક દસ્તાવેજો આપીને આમ કરી શકે છે. બેંક પોતાની મુનસફીથી અને આપવામાં આવેલા આવા નવા દસ્તાવેજોના આધારે કાર્ડમૅમ્બરની ક્રેડિટ સીમામાં વધારો કરી શકે છે.

## 3. ફાઇનાન્સ ચાર્જીસ

- જો કાર્ડમૅમ્બર પોતાનું બૅલેન્સ પૂરેપૂરું ના ચૂકવવાનું પસંદ કરે અને કાર્ડમૅમ્બર દ્વારા લેવામાં આવેલા બધા કેશ ઍડવાન્સીસ પર, એ બધા પરત ના ચૂકવાઇ જાય ત્યાં સુધી, બધાં જ ટ્રાન્ઝેક્શનો પર માસિક ટકા દરે ફાઇનાન્સ ચાર્જીસ ચૂકવવાપાત્ર છે. ફાઇનાન્સ ચાર્જીસ, જો ચૂકવવાપાત્ર હોય તો, કાર્ડ પરની આઉટસ્ટૅન્ડીંગ રકમ પૂરેપૂરી ચૂકવાઇ જાય

ત્યાં સુધી કાર્ડમૅમ્બરના ઍકાઉન્ટમાંથી ડેબિટ કરવામાં આવે છે.

- જ્યાં સુધી પૂરેપૂરું પેમેન્ટ ના થઇ જાય ત્યાં સુધી ટ્રાન્ઝેક્શનની તારીખથી કેશ ઍડવાન્સીસ પર ફાઇનાન્સ ચાર્જીસ લાગુ થવાપાત્ર છે.
- જો ગ્રાહક કોઇ ચૂકવવાની બાકી રકમને આગળ ખેંચશે અથવા કેશ ઍડવાન્સ મેળવે તો એવરેજ ડેઇલી બૅલેન્સ પદ્ધતિ દ્વારા ફાઇનાન્સ ચાર્જીસની ગણતરી કરીને એ આગળ ખેંચવામાં આવેલી રકમને અને તાજા બિલિંગ્સને લાગુ થશે.
- જો કાર્ડધારક એચડીએફસી બેંક ક્રેડિટ કાર્ડની રિવૉલ્વીંગ ક્રેડિટ સુવિધા મેળવે છે અને માસિક બિલિંગ સ્ટેટમેન્ટમાં આપેલી કુલ રકમ ડ્યૂ કરતાં ઓછી રકમ ચૂકવવાનું પસંદ કરે છે તો સમગ્ર આઉટસ્ટૅન્ડીંગ રકમ પર ફાઇનાન્સ ચાર્જીસ લાગુ પડશે અને બધાં જ નવાં ટ્રાન્ઝેક્શનો પર પણ જ્યાં સુધી પાછલી આઉટસ્ટૅન્ડીંગ રકમો પૂરેપૂરી રિપેઇડ થઇ જાય ત્યાં સુધી ફાઇનાન્સ ચાર્જીસ લાગુ પડશે.
- જો પેમેન્ટની ડ્યૂ થતી તારીખ સુધીમાં ડ્યૂ થતી ન્યૂનતમ રકમ ચૂકવી દેવામાં ના આવે તો લેટ પેમેન્ટ ચાર્જીસ લાગુ થવાપાત્ર હશે. લેટ પેમેન્ટ ચાર્જીસને ટાળવા માટે પેમેન્ટની ડ્યૂ થતી તારીખે અથવા એ પહેલાં ક્લિયર ફંડ્સને એચડીએફસી બેંકકાર્ડ ઍકાઉન્ટમાં ક્રેડિટ થવાની જરૂર છે. નીચે મુજબ લેટ પેમેન્ટ ચાર્જીસ લાગુ થવાપાત્ર છેઃ

| સ્ટેટમેન્ટ બૅલેન્સ | લેટ પેમેન્ટ ચાર્જીસ |
|---|---|
| રૂા.100/- થી ઓછું | – શૂન્ય |
| રૂા.100/- થી રૂ. 500/- | – રૂા.100/- |
| રૂા.501/- થી રૂા.5000/- | – રૂા.400/- |
| રૂા.5001/- થી રૂા.10000/- | – રૂા.500/- |
| રૂા.10001/- થી રૂ. 20000/- | – રૂા.500/- (રૂા.700/- જાન્યુ. 1, 2016થી અમલી) |
| રૂા.20001/- અને વધુ | – રૂા.700/- |

- કુલ આઉટસ્ટૅન્ડીંગ ક્રેડિટની સીમાથી વધી જાય તો ન્યૂનતમ રૂા.500/- ને આધિન ઓવરલિમિટ રકમના 2.5%ના દરે ઓવરલિમિટ ચાર્જીસ લાગુ થવાપાત્ર છે.

**નીચેનું ઉદાહરણ વિવિધ ચાર્જીસની ગણતરીની પદ્ધતિનો નિર્દેશ કરે છે**

ધારો કે તમે બાકી ચૂકવવાની બધી જ પાછલી રકમ પૂરેપૂરી ચૂકવી દીધી છે અને તમારા પ્લેટિનમ પ્લસ કાર્ડ ઍકાઉન્ટમાં કોઇ પણ રકમ આઉટસ્ટૅન્ડીંગ નથી. તમારી સ્ટેટમેન્ટની તારીખ દર મહિનાની 18 તારીખ છે. નીચે તમારા કાર્ડ ઍકાઉન્ટ પર તમે કરેલાં ટ્રાન્ઝેક્શનોનું લિસ્ટ આપેલું છે.

| તારીખ | ટ્રાન્ઝેક્શન | રકમ |
|---|---|---|
| 10 એપ્રિલ | ઘરેલું સામાનની ખરીદી | રૂા.15000/- |
| 15 એપ્રિલ | કપડાં અને એક્સેસરીઝની ખરીદી | રૂા.5000/- |
| 18 એપ્રિલ | સ્ટેટમેન્ટની તારીખ | ડ્યૂ થતી કુલ રકમ ખરીદી = રૂા.20000/-<br>ડ્યૂ થતી ન્યૂનતમ રકમ = રૂા.1000/- |
| 12 મે | કાર્ડ ઍકાઉન્ટમાં પેમેન્ટ (અહીં લેટ પેમેન્ટ ચાર્જીસ લાગુ થવાપાત્ર છે) | રૂા.2000/- (ક્રેડિટ) |
| 14 મે | કરિયાણાની ખરીદી | રૂા.1000/- |
| 15 મે | કાર્ડ ઍકાઉન્ટમાં પેમેન્ટ | રૂા.15000/- (ક્રેડિટ) |

આમ, 18 મેના સ્ટેટમેન્ટમાં તમારા દ્વારા ચૂકવવાપાત્ર કુલ રકમના કૉમ્પોનન્ટ્સ તરીકે નીચે મુજબ પ્રતિબિંબિત થશેઃ
ગણવામાં આવેલું વ્યાજ = (આઉટસ્ટૅન્ડીંગ રકમ x 3.40% પ્રતિ માસ x 12 માસ x દિવસોની સંખ્યા) / 365

લેટ પેમેન્ટ ચાર્જીસ = રૂા. 500/-

આથી,

a) રૂા. 15000/- પર વ્યાજ પ્રતિ માસ 3.49% લેખે 19 એપ્રિલથી 11 મેનું (અર્થાત્ 23 દિવસનું) = રૂા. 395.85/-

રૂા. 13000/- પર વ્યાજ પ્રતિ માસ 3.49% લેખે 12 મેથી 14 મેનું (અર્થાત્ 3 દિવસનું ) = રૂા.44.75/-

રૂા.5000/- પર વ્યાજ પ્રતિ માસ 3.49% લેખે 19 એપ્રિલથી 14 મેનું (અર્થાત્ 26 દિવસનું ) = રૂા. 149.16/-

રૂા.3000/- પર વ્યાજ પ્રતિ માસ 3.49% લેખે 15 મેથી 18 મેનું (અર્થાત્ 4 દિવસનું ) = રૂા. 13.77/-

રૂા. 1000/- (તાજા ખર્ચ) પર વ્યાજ પ્રતિ માસ 3.49% લેખે 14 મેથી 18 મેનું (અર્થાત્ 5 દિવસનું ) = રૂા. 5.74/-

આમ કુલ વ્યાજ રૂા. 609.27/-

b) લેટ પેમેન્ટ ચાર્જીસ=રૂા.500/-

c) વ્યાજ અને અન્ય ચાર્જીસ પર સર્વિસ ટૅક્સ 14% લેખે, સ્વચ્છ ભારત સેસ 0.5% લેખે અને કૃષિ કલ્યાણ સેસ 0.5% લેખે = રૂા. 166.39/-

d) કુલ મુદ્દલ રકમ આઉટસ્ટૅન્ડીંગ = રૂા.4000/-

(રૂા.1000/- તાજો ખર્ચ + ગયા મહિનાના બિલિંગ પીરિયડમાંથી બૅલેન્સ રૂા. 3000 આઉટસ્ટૅન્ડીંગ)

આમ ડ્યૂ થતી કુલ રકમ = (a) + (b) + (c) + (d) = રૂા.5275.70/-

કૃપયા નોંધ લેશો કે એચડીએફસી બેંકની મુનસફીથી ફાઇનાન્સ ચાર્જીસ અને અન્ય ચાર્જીસ પરિવર્તનને આધિન

છે.ઉપરાંત એ પણ નોંધ લેશો કે જો કાર્ડમૅમ્બર ઍકાઉન્ટ્સની ક્રેડિટ સીમાને પાર કરી જાય તો ઍકાઉન્ટ પર ઓવરલિમિટ ચાર્જીસ વસૂલ કરાશે. કોઇ ખાસ કિસ્સાઓમાં જે ચાર્જીસ વસૂલ કરાશે એનું લિસ્ટ આ દસ્તાવેજને અંતે આપેલું છે એ ચાર્જીસની સારણી કૃપયા વાંચો.

**4. બિલિંગ અને સ્ટેટમેન્ટ**

A. એચડીએફસી બેંકકાર્ડમૅમ્બરને છેલ્લા સ્ટેટમેન્ટથી પેમેન્ટને જમા કરતું અને ટ્રાન્ઝેકશનોને ઉધારતું માસિક સ્ટેટમેન્ટ મોકલશે. બેંક એક નિર્ધારિત તારીખે દરેક મહિને કાર્ડ ઍકાઉન્ટમાંનું ટ્રાન્ઝેક્શનોનું એક સ્ટેટમેન્ટ બેંકના રેકૉર્ડ પર નોંધાયેલા સરનામે મેઇલ કરશે. જો આઉટસ્ટૅન્ડીંગ બૅલેન્સ રૂા.200થી ઓછું હોય અને અંતિમ સ્ટેટમેન્ટથી કોઇ વધુ ટ્રાન્ઝેક્શન મુલતવી ના હોય તો સ્ટેટમેન્ટ ઇશ્યૂ કરવામાં નહીં આવે.

B. એચડીએફસી બેંક ક્રેડિટ કાર્ડ્સ કાર્ડમૅમ્બરને રિવૉલ્વીંગ ક્રેડિટ ઑફર કરે છે. કાર્ડમૅમ્બર ફક્ત સ્ટેટમેન્ટ પર છાપેલી ડ્યૂ થતી ન્યૂનતમ રકમ જ ચૂકવવાનું નક્કી કરી શકે છે. બૅલેન્સ આઉટસ્ટૅન્ડીંગને ત્યાર પછીના સ્ટેટમેન્ટોમાં આગળ ખેંચી શકાશે. કાર્ડમૅમ્બર ડ્યૂ થતી કુલ રકમ અથવા ડ્યૂ થતી ન્યૂનતમ રકમ ઉપરની કોઇ આંશિક રકમ ચૂકવવાનું પણ પસંદ કરી શકે છે. આવા પેમેન્ટને પેમેન્ટની ડ્યૂ થતી તારીખ પહેલાં ચૂકવી દેવું જોઇશે. લેટ પેમેન્ટ ચાર્જીસને ટાળવા પેમેન્ટની ડ્યૂ થતી તારીખે અથવા એ પહેલાં એચડીએફસી બેંકકાર્ડ ઍકાઉન્ટમાં ક્લિયર ફંડ્સ જમા થઇ જવું જરૂરી છે. કાર્ડમૅમ્બરોને સલાહ આપવામાં આવે છે કે પેમેન્ટની ડ્યૂ થતી તારીખની અંદર કાર્ડ ઍકાઉન્ટની અંદર પેમેન્ટ પ્રતિબિંબિત થાય છે એની ખાતરી રહે એ માટે લોકલ ચેક્સને પેમેન્ટ ડ્યૂ ડેટની પહેલાં જ અગાઉથી ડ્રૉપ કરી દે. પાછલાં સ્ટેટમેન્ટોની કોઇ ના ચૂકવેલી ડ્યૂ થતી ન્યૂનતમ રકમને કાર્ડમૅમ્બરની ક્રેડિટ સીમાથી વધુ જનારી આઉટસ્ટૅન્ડીંગ રકમ ઉપરાંત કાર્ડમૅમ્બરની વર્તમાનમાં ડ્યૂ થતી રકમમાં ઉમેરવામાં આવશે.

C. કાર્ડ આઉટસ્ટૅન્ડીંગ પેટે કરાયેલાં પેમેન્ટ્સને ત્યાર પછીના સ્ટેટમેન્ટોમાં પુષ્ટિ અપાશે.

D.કાર્ડમૅમ્બરના કાર્ડ આઉટસ્ટૅન્ડીંગ સામે મળેલાં પેમેન્ટ્સને બધા કરવેરાઓ, ફીઝ અને અન્ય ચાર્જીસ, વ્યાજ ચાર્જીસ, કેશ ઍડવાન્સીસ અને એ ઑર્ડરમાંની ખરીદીઓ સામે ઍડજસ્ટ કરાશે.

E. કાર્ડ ઍકાઉન્ટ પેટેના પેમેન્ટ્સને નીચેમાંની કોઇ પણ રીતે કરી શકાશે :

(i) જો કાર્ડમૅમ્બર એચડીએફસી બેંક ઍકાઉન્ટ ધરાવતો હોય તો એ નેટબેંકિંગ, એટીએમ્સ અથવા ફોનબેંકિંગ દ્વારા પેમેન્ટ કરી શકે છે.

(ii)જો કાર્ડમૅમ્બર એચડીએફસી બેંક ઍકાઉન્ટ ધરાવતો હોય તો એ સ્ટૅન્ડીંગ ઇન્સ્ટ્રકશનની સુવિધા મેળવી શકે છે, જેમાં ફંડ્સ ડ્યૂ થતી તારીખે એચડીએફસી બેંકઍકાઉન્ટમાંથી આપમેળે કાર્ડમૅમ્બરના કાર્ડ ઍકાઉન્ટમાં ટ્રાન્સફર થઇ જશે.

(iii)ગ્રાહક અન્ય બેંકઍકાઉન્ટમાંથી એનઇએફટી ફંડ ટ્રાન્સફર મોડ મારફતે પેમેન્ટ કરી શકે છે (વાપરો આઇએફએસસી કોડ HDFC0000128) અથવા વિઝા મની ટ્રાન્સફર સુવિધા વાપરો.

(iv)જો કાર્ડમૅમ્બર એચડીએફસી બેંકઍકાઉન્ટ ના ધરાવતો હોય તો એ બિલ ડૅસ્ક સુવિધાનો ઉપયોગ કરીને અન્ય બેંકોના નેટબૅન્કિંગ ઍકાઉન્ટમાંથી પેમેન્ટ કરી શકે છે.

(v)એચડીએફસી બેંકની શાખાઓ અને એટીએમ્સમાં મૂકેલાં એચડીએફસી બેંક ક્રેડિટ કાર્ડ ડ્રૉપ બૉક્સીસમાંના કોઇ પણમાં પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ (ચેક અથવા ડ્રાફ્ટ) ડ્રૉપ કરીને. ચેક / ડ્રાફ્ટ એચડીએફસી બેંકકાર્ડ નંબર xxxx xxxx xxxx xxxxને ચૂકવવાપાત્ર હોવો જોઇએ.

(vi)બેંકની શાખાઓમાં રોકડેથી ચુકવણી કરીને.

F. બિલિંગ બાબતમાં વિવાદઃ જો કાર્ડમૅમ્બર લેખિતમાં સ્ટેટમેન્ટની તારીખથી 60 દિવસોની અંદર કોઇ ભૂલચૂક બાબતમાં એચડીએફસી બેંકને જાણ નહીં કરે તો સ્ટેટમેન્ટમાંની બધી જ વિગતો ખરી છે અને સ્વીકાર્ય છે એમ માની લેવાશે. આવી સૂચનાની પ્રાપ્તિ પર એચડીએફસી બેંકઅસ્થાઇ ધોરણે ચાર્જને રિવર્સ કરી શકે છે અને ઇન્વેસ્ટીગેશનને મુલતવી રાખી શકે છે. ત્યાર પછીના ઇન્વેસ્ટીગેશનોની સમાપ્તિ પર , જો આવા ચાર્જીસનું દાયિત્વ કાર્ડમૅમ્બરના ઍકાઉન્ટ પર આવે તો ચાર્જને ત્યાર પછીના સ્ટેટમેન્ટમાં સંકળાયેલા રિટ્રાઇવલ રિક્વેસ્ટ્સ ચાર્જીસની સાથે પુનઃ લગાડવામાં આવશે/ ગ્રાહક/કોના વિવાદની પ્રાપ્તિ પર, અધિકતમ 60 દિવસોની મુદતની અંદર, બેંકવિઝા / માસ્ટર કાર્ડ / ડાઇનર્સ કલબ વગેરે જેવા સંબંધિત ફ્રૅન્ચાઇઝી દ્વારા ઘડાયેલી સંચાલનીય માર્ગદર્શિકાઓને આધિન રહીને જ્યાં પણ લાગુ થવાપાત્ર છે અને મૅમ્બર બેંકપાસેથી પ્રાપ્ત આવશ્યક દસ્તાવેજ / જો પૂરા પાડશે.

G. સંપર્ક કરવાની વિગતોઃ કાર્ડમૅમ્બર કોઇ પણ પૂછપરછ કરવા માટે અથવા કોઇ તકરારના નિવારણ માટે એચડીએફસી બેંક ક્રેડિટ કાર્ડ્સનો નીચે જણાવ્યા મારફતે સંપર્ક કરી શકે છેઃ

- 24 કલાક કસ્ટમર સર્વિસ કૉલ સેન્ટર – ફોન નંબરોનું વિગતવાર લિસ્ટ આ દસ્તાવેજના અંતે અને માસિક સ્ટેટમેન્ટોની પાછળની તરફ આપેલું છે.
- મેઇલ મારફતે–મૅનેજર, એચડીએફસી બેંક, કાર્ડ્સ

ડિવિઝન, પૉ.ઑ. બૉક્સ 8654, તિરુવનમિયુર, પૉ.ઑ. ચેન્નઇ – 600 041.

- ઇમેલ દ્વારા – customerservices.cards@hdfcbank.com

**5. ડિફૉલ્ટ**

ડીફૉલ્ટ થવાના કિસ્સામાં કાર્ડધારકને સમય – સમય પર કાર્ડ ઍકાઉન્ટ પરની આઉટસ્ટૅન્ડીંગ રકમના સેટલમેન્ટ માટે પોસ્ટ, ફૅક્સ, ટેલિફોન, ઇ–મેલ, એસએમએસ, મૅસેજિંગ અને / અથવા યાદ અપાવવા, ફોલો અપ અને ડ્યૂ કલેક્ટ કરવા માટે થર્ડ પાર્ટીને રોકીને રિમાઇન્ડર્સ મોકલાશે. આવી નિયુક્ત કરેલી કોઇ પણ થર્ડ પાર્ટીઉધારીની વસૂલી પરના કોડ ઑફ કંડક્ટનું સંપૂર્ણપણે પાલન કરશે.

**6. લીઅનનો અધિકાર**

કાર્ડમૅમ્બર અને / અથવા એડ ઓન કાર્ડ મૅમ્બર જો આપેલા સમયની અંદર, બેંકદ્વારા માગણી કરવા પર કાર્ડ ઍકાઉન્ટ પરની બૅલેન્સ રકમને રિપેઇડ ના કરે તો બેંક ગમે એ સમયે અને કોઇ પણ સૂચના આપ્યા વગર, એમના નામે રહેલી ક્રેડિટ રકમમાંથી બધાં જ નાણાંને સેટ – ઑફ કરવાનો લીઅન અને અધિકાર ધરાવશે.

**7. કાર્ડ મૅમ્બરશિપનું ટર્મિનેશન / રિવોકેશન**

A. એક કાર્ડમૅમ્બર એચડીએફસી બેંકને નિમ્ન સરનામા પર લખીને ચાહે ત્યારે કાર્ડની મૅમ્બરશિપ રદ કરી શકે છેઃ ''મૅનેજર, એચડીએફસી બેંકક્રેડિટ કાર્ડ્સ, પૉ.ઑ. બૉક્સ 8654, તિરુવનમિયુર પૉ.ઑ., ચેન્નઇ – 600 041. સાથે કાર્ડને ત્રાસો કાપીને એના ટૂકડા મોકલી આપવા. એડ – ઓન કાર્ડ્સ સહિત બધા જ કાર્ડ્સ લેખિત વિનંતીના આધાર પર રદ કરાશે. કાપેલા કાર્ડોની પ્રાપ્તિ પછી અને કાર્ડ ઍકાઉન્ટમાંની બધી જ આઉટસ્ટૅન્ડીંગ રકમનોની ચુકવણી કર્યા પછી જ કાર્ડોને રદ કરાશે. પ્રો–રાટા ધોરણે કોઇ પણ વાર્ષિક, જૉઇનિંગ અને રિન્યુઅલ ફીઝને પરત કરવામાં નહીં આવે.

B.જો બેંકને કાર્ડના વપરાશમાં અસામાન્ય અને અસાધારણ ટ્રાન્ઝેક્શન પૅટર્ન ધ્યાનમાં આવે તો કાર્ડના ટ્રાન્ઝેક્શનની અધિકૃતતા ચકાસાવા બેંક પોતાના રેકૉર્ડ પરના ગ્રાહકના રજિસ્ટર્ડ ફોન નંબર પર ગ્રાહકનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરશે. જો સંપર્ક કરવામાં નિષ્ફળતા મળશે તો બેંકને વાજબીપણે એવું લાગે કે એ કાર્ડમૅમ્બરના હિતમાં છે અને / અથવા સુરક્ષાના કારણાસર બેંકવધુ કોઇ પણ સૂચના આપ્યા વિના કાર્ડના ઉપયોગને નિષેધિત / રદ કરી શકે છે.

જો કાર્ડમૅમ્બર ડ્યૂ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ નીવડે અથવા એની ક્રેડિટની સીમાને પાર કરી જાય તો એચડીએફસી બેંક ક્રેડિટ કાર્ડ પરની સુવિધાને રદ કરી શકે છે. કરાર પૂરો થઇ ગયા પછી અથવા કાર્ડ ઍકાઉન્ટ રદ થઇ ગયા પછી ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ના કરવો જોઇએ.

C. આવી પરિસ્થિતિમાં, કાર્ડમૅમ્બરે (કોઇ ડિફૉલ્ટ અથવા કાયદા દ્વારા આવશ્યક કોઇ અન્ય નોટિસને આધિન) તરત જ એચડીએફસી બેંકને ઍકાઉન્ટ પરના કુલ આઉટસ્ટૅન્ડીંગ બૅલેન્સને ચૂકવી દેવી જોઇએ. આમાં સામેલ છે બધાં જ ટ્રાન્ઝેક્શનો અને ઍકાઉન્ટને હજી ચાર્જ નહીં કરવામાં આવેલી અન્ય રકમો સહિત કરાર હેઠળ એચડીએફસી બેંકને ચૂકવવાની રકમો. જ્યાં સુધી કાર્ડમૅમ્બર આવી ચૂકવવાની નીકળતી બધી જ રકમને ચૂકવી ના દે ત્યાં સુધી કાર્ડને બંધ થયેલો ગણવામાં નહીં આવે.

D. કાર્ડમૅમ્બરનું મૃત્યુ થાય અથવા કાર્ડમૅમ્બરની અક્ષમતા, નાદારી / વિસર્જન / દેવાળીયાપણું / અથવા કાર્ડમૅમ્બરની કૉર્પોરેટ બૉડીને સંકેલી લેવાના કિસ્સામાં કાર્ડમૅમ્બર અને કોઇ એડ – ઓન કાર્ડમૅમ્બરોને જારી કરેલો કાર્ડ આપમેળે રદ થઇ જશે. કોઇ પણ સરકારી / નિયામક બૉડીમાંથી મળેલી સૂચનાઓ મળવા પર પણ કાર્ડ ઍકાઉન્ટ રદ થવાને પાત્ર છે. મૃત્યુ થવા પર અથવા અક્ષમતા, નાદારી, દેવાળીયાપણું, સંકેલી લેવું અથવા સરકારી / નિયામક બૉડીઝ પાસેથી મળેલી સૂચના, જે પણ કિસ્સો હોય એમાં કાર્ડ ઍકાઉન્ટ પરની બધી જ આઉટસ્ટૅન્ડીંગ રકમો તરત જ ચૂકવવાપાત્ર બને છે એમ માની લેવાશે અને બેંક વિના વિલંબે બધી આઉટસ્ટૅન્ડીંગ રકમોને કાર્ડમૅમ્બર પર કોઇ પૂર્વગ્રહ રાખ્યા વિના અને કોઇ ઑબ્લિગેશન વગર, સંબંધિત કાયદાઓ અનુસાર વસૂલ કરવાને પાત્ર હશે.

**8. કાર્ડ ગુમાઇ જવો / ચોરાઇ જવો / દુરુપયોગ થવો**

A. જો પ્રાઇમરી અથવા કોઇ અતિરિક્ત ક્રેડિટ કાર્ડ ક્યાંક મૂકાઇ જાય, ખોવાઇ જાય, ચોરાઇ જાય, ખરાબ થઇ જાય, જ્યારે ડ્યૂ થાય ત્યારે ના મળે અથવા એને એવો વહેમ હોય કે કાર્ડમૅમ્બરની પરવાનગી વગર ક્રેડિટ કાર્ડનો ઉપયોગ થઇ રહ્યો છે તો કાર્ડમૅમ્બરે તરત જ એની સૂચના 24–કલાક કાર્યરત કૉલ સેન્ટરને અચૂકપણે જાણ કરવી. જો એકવાર કાર્ડ ગુમ થયો છે એવી ફરિયાદ કરવામાં આવે ત્યાર પછી જો એ મળી જાય તો કાર્ડમૅમ્બરે કોઇ પણ સંજોગોમાં એનો ઉપયોગ ના કરવો જોઇએ. એડ – ઓન કાર્ડ પ્રાઇમરી કાર્ડ ઍકાઉન્ટ પર એક વિસ્તારિત સગવડ આપવામાં આવી હોવાથી એડ – ઓન કાર્ડ જ્યારે પ્રાઇમરી કાર્ડ ગુમાવાની ફરિયાદ આપવામાં આવે ત્યારે અમાન્ય થઇ જાય છે. એ જ રીતે, એડ – ઓન કાર્ડ ગુમાઇ જવાની ફરિયાદ કરવામાં આવે છે ત્યારે પ્રાઇમરી કાર્ડ ઍકાઉન્ટ અને અન્ય એડ – ઓન કાર્ડ્સ અમાન્ય થઇ જાય છે.

B. કાર્ડ ગુમાવાની ફરિયાદ કરતાં પહેલાં કાર્ડ ઍકાઉન્ટ પર કરવામાં આવેલા કોઇ પણ ટ્રાન્ઝેક્શન માટે બેંકજવાબદાર અથવા ઉત્તરદાયી નથી અને એના માટે કાર્ડધારક જ

સંપૂર્ણપણે જવાબદાર ગણાશે. બેંક દ્વારા લૉસની યોગ્ય સૂચનાની પ્રાપ્તિ પછી કાર્ડમૅમ્બરની ત્યાર પછીની જવાબદારી શૂન્ય છે. કાર્ડ ગુમાયાની અથવા ચોરાયાની એચડીએફસી બેંકને ફરિયાદ કર્યા પછી વધારામાં કાર્ડધારકે અવશ્ય કાર્ડ્સની કોઇ ગુમાયાની અથવા ચોરાયાની ફરિયાદ પોલિસને કરવી જોઇએ અને એફઆઇઆર નોંધાવી જોઇએ અને પોલિસ ફરિયાદની પુષ્ટિ આપતી એક કૉપી આપવી જોઇએ.

C. કાર્ડમૅમ્બર અથવા અતિરિક્ત કાર્ડમૅમ્બરની સંમતિથી જો કોઇ વ્યક્તિ પિન મેળવીને કાર્ડનો દુરુપયોગ કરે તો એને કારણે થનારા નુકસાન બદલ કાર્ડમૅમ્બર જવાબદાર ગણાશે.

D. જો કાર્ડમૅમ્બર છેતરપિંડીભરી રીતે વર્તે તો બધા જ નુકસાનો માટે કાર્ડમૅમ્બર જવાબદાર ગણાશે. જો કાર્ડમૅમ્બર વાજબી કાળજી વગર વર્તે તો થનારા બધા નુકસાન બદલ કાર્ડમૅમ્બરને જવાબદાર ઠેરવી શકાશે.

E. કાર્ડમૅમ્બરને અથવા અતિરિક્ત કાર્ડમૅમ્બરને જણાવ્યા વગર એચડીએફસી બેંકપોલિસ અથવા કોઇ અન્ય સત્તાવાળાઓને કોઇ જાણકારી કે જેને એચડીએફસી બેંક નુકસાન, ચોરી, કાર્ડ કે પિનના દુરુપયોગ બાબતમાં જરૂરી સમજે એ આપી શકે છે.

F. ક્રેડિટ કાર્ડ પરના કોઇ છેતરપિંડીભર્યા ટ્રાન્ઝેક્શનોના પ્રસંગમાંથી ઉદ્ભવતી કોઇ જવાબદારીને આવરી લેવા માટે કાર્ડ મૅમ્બરો પોતાની મુનસફીથી વૈકલ્પિક વીમા ઉત્પાદન મેળવી શકે છે. વધુ માહિતી માટે અને આવી વીમા સુરક્ષાનાં નિયમો અને શરતો માટે કૃપયા અમારા બેંકના પ્રતિનિધિનો સંપર્ક કરો.

## ૯. રિવૉર્ડ્સ પૉઇન્ટ્સની વૅલિડિટી

સંચિત કર્યાની તારીખથી ફક્ત 2 વર્ષ માટે રિવૉર્ડ્સ પૉઇન્ટ માન્ય છે. દા.ત. જો તમે મે 2015મા રિવૉર્ડ્સ પૉઇન્ટ્સ મેળવ્યા હોય તો એ મે 2017માં એક્સપાયર થશે.

## 10. તકરાર નિવારણ કક્ષ

એવું જવલ્લે જ બને કે બેંકના વર્તમાના સંપર્કોના કોઇના પ્રતિસાદથી તમને સંતોષ ના થાય તો તમે અહીં લખી શકો છો – ધ મૅનેજર, તકરાર નિવારણ કક્ષ, એચડીએફસી બેંક ક્રેડિટ કાર્ડ્સ ડિવિઝન, 8, લેટિસ બ્રિજ રોડ, તિરુવનમિયુર, ચેન્નઇ – 600 041 અથવા અમને સોમવારથી શુક્રવારની વચ્ચે સવારે 09.30થી સાંજે 05.30ની વચ્ચે 044–23625600 પર સંપર્ક કરો.

## 11. ડિસ્કલોઝર

કાર્ડમૅમ્બર સ્વીકારે છે કે મોજૂદ બિઝનેસ પ્રેક્ટિસીસ અનુસાર, બેંક ગ્રાહકને કોઇ પણ સૂચના આપ્યા વિના, બેંક કોઇ પણ ક્રેડિટ બ્યૂરો (મોજૂદ અથવા ભવિષ્યનો),ને સમય–સમય પર ક્રેડિટ કાર્ડ(ડો) સંબંધિત જાણકારીને છતી કરી શકે છે. ધ ક્રેડિટ ઇન્ફર્મેશન બ્યૂરો ઇંડિયા લિ. (સિબિલ) એ ભારત સરકાર અને ભારતીય રિઝર્વ બેંકની આર્થિક સિસ્ટમના સંચાલન અને સ્થિરતાને સુધારવા માટેપી એક પહેલ છે. આ પહેલમાં ભાગ લેનારી બધી બેંકો અને નાણાકીય સંસ્થાઓએ સિબિલ/ક્રેડિટ બ્યૂરો સાથે ગ્રાહકના ડૅટાને શેર કરવાની જરૂર પડે છે અને આ જાણકારી ક્રેડિટ ઇન્ફર્મેશન કંપનીઝ રેગ્યુલેશન ઍક્ટ, 2005ના સંદર્ભમાં આપવામાં આવે છે. આને નજરમાં રાખીને અમે કાર્ડમૅમ્બરોને જણાવવા માગીએ છીએ કે બેંક ગ્રાહક દ્વારા ડિફૉલ્ટ થયેલા ક્રેડિટ કાર્ડ(ડો) સંબંધિત જાણકારી સિબિલને અને કોઇ અન્ય ક્રેડિટ બ્યૂરો (મોજૂદ અને ભવિષ્યના)ને, જો કાર્ડ ઓવરડ્યૂ થઇ જાય તો ઉચિત નોટિસની સાથે આપી શકે છે. ઓવરડ્યૂ કાર્ડ ઍકાઉન્ટ્સ પેટે પેમેન્ટની પ્રાપ્તિ પર ડૅટાનું કોઇ રિફ્રેશ/અપડેશન સિબિલ/અન્ય ક્રેડિટ બ્યૂરોઝમાં બેંકદ્વારા પેમેન્ટની પ્રાપ્તિની તારીખથી 60 દિવસોની મુદતની અંદર પ્રતિબિંબિત થઇ શકે છે. અમે કાર્ડમૅમ્બરને એ પણ જાણ કરવા માગીએ છીએ કે બેંકપોતાની મુનસફીથી, બેંકને યોગ્ય લાગે તો, તકરાર સંબંધિત વાતચીતો અથવા પેમેન્ટ્સ–રિકવરી સંબંધિત વાતચીતો અથવા અન્ય કોઇ વાતચીતના કિસ્સામાં કાર્ડમૅમ્બર અને બેંકના પ્રતિનિધિની વચ્ચેની કોઇ ખાસ વાતચીતોને રેકૉર્ડ કરી શકે છે. ચૂંટેલા ક્રેડિટ કાર્ડના પ્રકારો કાર્ડ પર કૉમ્પ્લીમેન્ટરી વીમા સુરક્ષા ધરાવે છે. પૉલિસીની સુરક્ષા ક્રેડિટ કાર્ડ સેટ અપની તારીખથી શરૂ થાય છે. વધુ જાણકારી અને નિયમો અને શરતો માટે કૃપયા યુસેજ ગાઇડ વાંચો. પ્રથમ વર્ષની કૉમ્પ્લીમેન્ટરી મૅમ્બરશિપ વનઍસિસ્ટથી, ચૂંટેલા ક્રેડિટ કાર્ડના પ્રકારો માટે આપવામાં આવ્યા છે. મૅમ્બરશિપનું રજિસ્ટ્રેશન તમારા ક્રેડિટ કાર્ડની ડીલિવરીના એક અઠવાડિયાની અંદર થાય છે. વધુ જાણકારી માટે કૃપયા વેલકમ કિટ જુઓ.

## 12. પ્રાદેશિક ભાષાઓમાં અત્યંત મહત્વપૂર્ણ નિયમો અને શરતો

પ્રાદેશિક ભાષાઓમાં એમઆઇટીસી પરની જાણકારી માટે કૃપયા મુલાકાત લો www.hdfcbank.com ઉપલબ્ધ વિકલ્પો

1) હિન્દી 2) કન્નડ 3) મલયાલમ 4) તેલુગુ 5) તામિલ 6) બંગાળી 7) મરાઠી 8) ગુજરાતી 9) પંજાબી 10) ઓરિયા 11) આસામી 12) ઉર્દુ 13) સિંધી.

# ચાર્જીસની સારણી

| ચાર્જીસનું વર્ણન | જેટ પ્રીવિલેજ એચડીએફસી બેંક ડાઇનર્સ ક્લબ/રેગાલિઆ/બિઝનેસ રેગાલિઆ/ ડૉક્ટર્સ રેગાલિઆ/ડાઇનર્સ ક્લબ પ્રીમિયમ/જેટ પ્રીવિલેજ વર્લ્ડ/ઑલ માઇલ્સ /ડૉક્ટર્સ સુપીરિયા | ડાયનર્સ ક્લબ રિવૉર્ડ્ઝ/ટાઇમ્સ પ્લેટિનમ કાર્ડ/જેટ પ્રીવિલેજ પ્લેટિનમ/ સૉલિટેઅર/ પ્લેટિનમ એજ/મનીબૅક/બિઝનેસ મની બૅક/જેટપ્રીવિલેજ ટાઇટેનિયમ/ ટાઇમ્સ ટાઇટેનિયમ કાર્ડ/ ટીચર્સ પ્લેટિનમ/બિઝનેસ પ્લેટિનમ/ સ્નૅપડીલ એચડીએફસી બૅંક કાર્ડ |
|---|---|---|
| વ્યાજ-મુક્ત અવધિ | 50 દિવસ સુધી | 50 દિવસ સુધી |
| પુનઃ ચુકવણીની ન્યૂનતમ રકમ | 5%, ન્યૂનતમ રૂ.200/- | 5%, ન્યૂનતમ રૂ.200/- |
| કેશ ઍડવાન્સ સીમા | ક્રેડિટ સીમાના 40% | ક્રેડિટ સીમાના 40% |
| વાર્ષિક/રિન્યૂઅલ ફી | રેગાલિઆ/બિઝનેસ રેગાલિઆ/ડૉક્ટર્સ રેગાલિઆ – રૂ. 2500/- રૂ. 2500/-<br>ડાઇનર્સ ક્લબ પ્રીમિયમ – રૂ. 2500/-<br>જેટપ્રીવિલેજ એચડીએફસી બૅંક વર્લ્ડ – રૂ. 2500 /-<br>ઑલમાઇલ્સ/ડૉક્ટર્સ સુપીરિયા – રૂ. 1000/-<br>જેટપ્રીવિલેજ એચડીએફસી બૅંક ડાયનર્સ ક્લબ – રૂ. 10000/- રૂ. 5000/- | ડાયનર્સ ક્લબ રિવૉર્ડ્ઝ –રૂ.1000/-<br>જેટપ્રીવિલેજ એચડીએફસી બૅંક પ્લેટિનમ/ ટાઇમ્સ પ્લેટિનમ કાર્ડ –રૂ.1000/-<br>સૉલિટેઅર/ પ્લેટિનમ એજ/મનીબૅક/જેટપ્રીવિલેજ એચડીએફસી બૅંક ટાઇટેનિયમ –રૂ.500/-<br>ટાઇમ્સ ટાઇટેનિયમ કાર્ડ/ટીચર્સ પ્લેટિનમ/બિઝનેસ મની બૅક / સ્નૅપડીલ એચડીએફસી બૅંક કાર્ડ –રૂ.500/-<br>બિઝનેસ પ્લેટિનમ –રૂ.299/- |
| વાર્ષિક ચાર્જીસની માફી માટેની ખર્ચ કરવાની શરતમાં નીચેના ટ્રાન્ઝેક્શનો સામેલ નથી<br>• કેશ ઓન કૉલ<br>• બૅલેન્સ ટ્રાન્સફર<br>• રોકડ રકમનો ઉપાડ | **બિઝનેસ પ્લેટિનમ**<br>કાર્ડ સેટ અપની તારીખથી પ્રથમ 90 દિવસોની અંદર રૂ.5,000/- નો ખર્ચ કરો અને 1લા વર્ષની મૅમ્બરશિપ ફીને રિવર્સ કરાવી લો.<br>એક વર્ષમાં રૂ.30,000/- નો ખર્ચ કરો અને ત્યાર પછીની વાર્ષિક મૅમ્બરશિપ ફીમાં માફી મેળવો.<br>**સોલિટેઅર/ટાઇટેનિયમ એજ/ પ્લેટિનમ એજ/મનીબૅક/બિઝનેસ મની બૅક**<br>કાર્ડ સેટ અપની તારીખથી પ્રથમ 90 દિવસોની અંદર રૂ.10,000/- નો ખર્ચ કરો અને 1લા વર્ષની મૅમ્બરશિપ ફીમાં માફી મેળવો.<br>એક વર્ષમાં રૂ.50,000/- નો ખર્ચ કરો અને ત્યાર પછીની વાર્ષિક મૅમ્બરશિપ ફીમાં માફી મેળવો.<br>**ઑલમાઇલ્સ/ડૉક્ટર્સ સુપીરિયા/ડાયનર્સ ક્લબ રિવૉર્ડ્ઝ**<br>કાર્ડ સેટ અપની તારીખથી પ્રથમ 90 દિવસોની અંદર રૂ.15,000/- નો ખર્ચ કરો અને 1લા વર્ષની મૅમ્બરશિપ ફીમાં માફી મેળવો.<br>એક વર્ષમાં રૂ.1,00,000/- નો ખર્ચ કરો અને 1લા વર્ષની વાર્ષિક મૅમ્બરશિપ ફીમાં માફી મેળવો.<br>**રેગાલિઆ/બિઝનેસ રેગાલિઆ/ડૉક્ટર્સ રેગાલિઆ/ડાયનર્સ ક્લબ પ્રીમિયમ**<br>કાર્ડ સેટ અપની તારીખથી પ્રથમ 90 દિવસોની અંદર રૂ.40,000/- નો ખર્ચ કરો અને 1લા વર્ષની મૅમ્બરશિપ ફીમાં માફી મેળવો.<br>એક વર્ષમાં રૂ. 3,00,000/- નો ખર્ચ કરો અને 1લા વર્ષની વાર્ષિક મૅમ્બરશિપ ફીમાં માફી મેળવો.<br>**જેટ પ્રીવિલેજ એચડીએફસી બૅંક ટાઇટેનિયમ/ટાઇમ્સ ટાઇટેનિયમ કાર્ડ/ સ્નૅપડીલ એચડીએફસી બૅંક કાર્ડ**<br>એક વર્ષમાં રૂ.1,50,000/- નો ખર્ચ કરો અને ત્યાર પછીની વાર્ષિક મૅમ્બરશિપ ફીમાં માફી મેળવો.<br>**જેટપ્રીવિલેજ એચડીએફસી બૅંક પ્લેટિનમ/ટાઇમ્સ પ્લેટિનમ કાર્ડ**<br>એક વર્ષમાં રૂ.2,50,000/- નો ખર્ચ કરો અને ત્યાર પછીની વાર્ષિક મૅમ્બરશિપ ફીમાં માફી મેળવો.<br>**જેટપ્રીવિલેજ એચડીએફસી બૅંક વર્લ્ડ**<br>એક વર્ષમાં રૂ.3,00,000/- નો ખર્ચ કરો અને ત્યાર પછીની વાર્ષિક મૅમ્બરશિપ ફીમાં માફી મેળવો.<br>**ટીચર્સ પ્લેટિનમ**<br>કાર્ડ સેટ અપની તારીખથી પ્રથમ 90 દિવસોની અંદર રૂ.10,000/- નો ખર્ચ કરો અને 1લા વર્ષની મૅમ્બરશિપ ફીને રિવર્સ કરાવી લો.<br>એક વર્ષમાં રૂ.30,000/- નો ખર્ચ કરો અને ને ત્યાર પછીની વાર્ષિક મૅમ્બરશિપ ફીમાં માફી મેળવો. | |
| અતિરિક્ત કાર્ડ ફી | આજીવન મફત (3 સુધીના એડ-ઓન કાર્ડ્સ) | |
| રિવૉલ્વીંગ ક્રેડિટ પર ચાર્જીસ | જેટપ્રિવિલેજ એચડીએફસી બૅન્ક ડાઇનર્સ ક્લબ/ડાઇનર્સ બ્લૅક/ઇન્ફિનિઆ-1.99% પ્રતિ માસ અર્થાત્ 23.88% વાર્ષિકપણે<br>જેટ વર્લ્ડ-1.99% પ્રતિ માસ અર્થાત્ 23.88% વાર્ષિકપણે (3.49% પ્રતિ માસ અર્થાત્ 41.88% વાર્ષિકપણે જાન્યુ. 17થી અમલમાં)<br>રેગાલિઆ/બિઝનેસ રેગાલિઆ/ડૉક્ટર્સ રેગાલિઆ/બિઝનેસ રેગાલિઆ ફર્સ્ટ-2.95% પ્રતિ માસ અર્થાત્ 35.4% વાર્ષિકપણે<br>રેગાલિઆ ફર્સ્ટ -2.95% પ્રતિ માસ અર્થાત્ 35.4% વાર્ષિકપણે (3.49% પ્રતિ માસ અર્થાત્ 41.88% વાર્ષિકપણે જાન્યુ. 17થી અમલમાં)<br>અન્ય – કાર્ડ જારી કરતી વખતે પ્રારંભિક વ્યાજ દર છે 3.40% પ્રતિ માસ અર્થાત્ 40.8% વાર્ષિકપણે (3.49% પ્રતિ માસ અર્થાત્ 41.88% વાર્ષિકપણે જાન્યુ.17થી અમલમાં)<br>આ ખર્ચ, પેબૅક અને વપરાશની પૅટર્ન્સ આધારે સમયાંતરે બદલાઇ શકે છે. ડિફૉલ્ટના કિસ્સામાં અધિકતમ વ્યાજ દર છે 3.5% (માસિક) અથવા 42% (વાર્ષિક).<br>ફિક્સ્ડ ડિપોઝિટની સામે જારી કરાયેલો કાર્ડ – 1.99% પ્રતિ માસ (23.88% વાર્ષિક) ટ્રાન્ઝેક્શનની તારીખથી લાગુ થવાપાત્ર છે. | |
| કેશ ઍડવાન્સ ચાર્જીસ | ઉપાડેલી રકમના 2.5% અથવા રૂ. 300 બેમાંથી જે વધુ હોય એ | ઉપાડેલી રકમના 2.5% અથવા રૂ. 300/- બેમાંથી જે વધુ હોય એ |
| લેટ પેમેન્ટ ચાર્જીસ<br>(બેઝિક ક્રેડિટ કાર્ડ બિલની રકમ) | <u>સ્ટેટમેન્ટ બૅલેન્સ</u><br>રૂ.100/- થી ઓછું<br>રૂ.100/- થી રૂ.500/-<br>રૂ.501/- થી રૂ.5,000/-<br>રૂ.5001/- થી રૂ.10,000/-<br>રૂ.10,001/- થી રૂ.20,000/-<br>રૂ.20,001/- અને વધુ | <u>લેટ પેમેન્ટ ચાર્જીસ</u><br>શૂન્ય<br>રૂ.100/-<br>રૂ.400/-<br>રૂ.500/-<br>રૂ.500/-(રૂ.700/- જાન્યુ. 1, 2016થી)<br>રૂ.700/- |
| ઓવરલિમમિટ રકમ પર ચાર્જીસ | ઓવરલિમિટ રકમના 2.5%, ન્યૂનતમ રૂ.500/- ને આધિન | ઓવરલિમિટ રકમના 2.5%, ન્યૂનતમ રૂ.500/- ને આધિન |
| પેમેન્ટ રિટર્ન ચાર્જીસ | પેમેન્ટની રકમના 2%, ન્યૂનતમ રૂ.450/- ને આધિન | પેમેન્ટની રકમના 2%, ન્યૂનતમ રૂ.450/- ને આધિન |
| કેશ પ્રોસેસિંગ ફી | રૂ.100/- (એચડીએફસી બૅંક શાખાઓ અથવા એટીએમ્સમાં જમા કર્યા દ્વારા કરેલાં બધા જ કાર્ડ પેમેન્ટ્સ માટે) | રૂ.100/- (એચડીએફસી બૅંક શાખાઓ અથવા એટીએમ્સમાં જમા કર્યા દ્વારા કરેલાં બધા જ કાર્ડ પેમેન્ટ્સ માટે) |
| રિવૉર્ડ્સ રિડીમ્પ્શન ફી | રૂ.75/- પ્રતિ રિડીમ્પ્શન વિનંતી-જેટપ્રીવિલેજ એચડીએફસી બૅંક વર્લ્ડ/જેટપ્રીવિલેજ એચડીએફસી બૅંક ડાઇનર્સ ક્લબને છોડીને બધા કાર્ડ્સ માટે લાગુ થવાપાત્ર | રૂ.75/- પ્રતિ રિડીમ્પ્શન વિનંતી-જેટપ્રીવિલેજ એચડીએફસી બૅંક પ્લેટિનમ અને જેટપ્રીવિલેજ એચડીએફસી ટાઇટેનિયમ માટે લાગુ થવાપાત્ર નથી. |
| બૅલેન્સ ટ્રાન્સફર પ્રોસેસીંગ ચાર્જીસ | બીટી રકમના 2% અથવા રૂ. 250/-, બેમાંથી જે વધુ હોય એ | બીટી રકમના 2% અથવા રૂ. 250/-, બેમાંથી જે વધુ હોય એ |
| પેટ્રોલ ટ્રાન્ઝેક્શન સરચાર્જ<br>(ન્યૂનતમ રૂ.10/- ને આધિન) | જેટપ્રીવિલેજ એચડીએફસી બૅંક ડાઇનર્સ ક્લબ/ઇન્ફાઇનિઆ- રૂ.1000/-ના પ્રત્યેક બિલિંગ સાઇકલે ઇંધણ સરચાર્જ વેઇવર કેપ્ડ (એસટી લાગુ થવાપાત્ર). ડાઇનર્સ પ્રીમિયમ, જેટ વર્લ્ડ, રેગાલિઆ, ડાઇનર્સ રિવાર્ડ્સ, જેટ પ્લેટિનમ, ઑલમાઇલ્સ, બિઝનેસ રેગાલિઆ, ડૉક્ટર્સ રેગાલિઆ, બિઝનેસ મનીબૅક, બિઝનેસ પ્લેટિનમ, ટાઇમ્સ પ્લેટિનમ- રૂ.500/- ના પ્રત્યેક બિલિંગ સાઇકલે ઇંધણ સરચાર્જ વેઇવર કેપ્ડ (એસટી લાગુ થવાપાત્ર). અન્ય બધા કાર્ડ્સ- રૂ.250/- ના પ્રત્યેક બિલિંગ સાઇકલે ઇંધણ સરચાર્જ વેઇવર કેપ્ડ (એસટી લાગુ થવાપાત્ર). (પીએસડબ્લ્યુ પર સ્ટેટમેન્ટ લેવલ કેપિંગ 15મી ઑગસ્ટ, 2014થી અમલી) 15મી એપ્રિલ, 2016થી અમલમાં આવે એ રીતે ઇંધણ ટ્રાન્ઝેક્શનો પર રિવૉર્ડ પૉઇન્ટ્સ/જેપીમાઇલ્સ સંચિત નહીં થાય. ઇંધણ સરચાર્જ પર ચાર્જ કરેલો સર્વિસ ટૅક્સ પરત કરવાપાત્ર નથી. | આની વચ્ચેના ટ્રાન્ઝેક્શન માટે માફ<br>a) રેગાલિઆ/બિઝનેસ રેગાલિઆ/ડૉક્ટર્સ રેગાલિઆ માટે રૂ. 400થી રૂ. 100000/-<br>b) અન્ય બધા કાર્ડ્સ માટે રૂ. 400/- થી રૂ. 5000/-. 15મી એપ્રિલ, 2016થી અમલમાં આવે એ રીતે ઇંધણ ટ્રાન્ઝેક્શનો પર રિવૉર્ડ પૉઇન્ટ્સ/જેપીમાઇલ્સ સંચિત નહીં થાય. ઇંધણ સરચાર્જ પર ચાર્જ કરેલો સર્વિસ ટૅક્સ પરત કરવાપાત્ર નથી. |
| રેલવે ટિકિટ ખરીદી માટેની ફી | રૂ.30/- +ટ્રાન્ઝેક્શનની રકમના 2.5%. એચડીએફસી બૅંક પેમેન્ટ ગેટવે પર : 1.8%+સર્વિસ ટૅક્સ.<br>અન્ય બૅંકના પેમેન્ટ ગેટવે પર : આઇઆરસીટીસી વેબસાઇટ અનુસારનો દર | |
| ગુમાયેલા, ચોરાયેલા અથવા નુકસાન પામેલા કાર્ડને પુનઃ જારી કરવો | રૂ.100/- | રૂ.100/- |
| બહારગામના ચેકનો પ્રોસેસિંગ ચાર્જ | રૂ.5,000/- સુધીનું ચેક મૂલ્ય – ફી હશે રૂ.25/-;<br>રૂ.5,000/- થી વધુનું ચેક મૂલ્ય – ફી હશે રૂ.50/- | રૂ.5,000/- સુધીનું ચેક મૂલ્ય – ફી હશે રૂ.25/-;<br>રૂ.5,000/- થી વધુનું ચેક મૂલ્ય – ફી હશે રૂ. 50/- |
| ફૉરિન કરન્સી ટ્રાન્ઝેક્શનો | 3.5%ના બૅંક ચાર્જીસ ક્રૉસ કરન્સી માર્ક-અપ (રેગાલિઆ/બિઝનેસ રેગાલિઆ/ડૉક્ટર્સ રેગાલિઆ/જેટવર્લ્ડ/જેટપ્રીવિલેજ એચડીએફસી બૅંક ડાઇનર્સ ક્લબ/ડાઇનર્સ ક્લબ પ્રીમિયમ માટે 2%) | 3.5%ના બૅંક ચાર્જીસ ક્રૉસ કરન્સી માર્ક-અપ<br>(ડાઇનર્સ ક્લબ રિવૉર્ડ્ઝ માટે 3.0%) |
| સર્વિસ ટૅક્સ, સ્વચ્છ ભારત સેસ અને કૃષિ કલ્યાણ સેસ | બધી ફીઝ, વ્યાજ અને અન્ય ચાર્જીસ પર લાગુ થવાપાત્ર | બધી ફીઝ, વ્યાજ અને અન્ય ચાર્જીસ પર લાગુ થવાપાત્ર |

## 24-કલાક કસ્ટમર કૉલ સેન્ટરો

અમદાવાદ/બૅન્ગલોર/ચેન્નઇ/દિલ્હી અને એનસીઆર/હૈદરાબાદ/કોલકાતા/મુંબઇ/પૂણે – 6160 6161

ચંડિગઢ/કોચી/ઇંદોર/જયપુર/લખનઉ – 6160 616

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| આંધ્રપ્રદેશ | : 99494 93333 | મધ્ય પ્રદેશ/ છત્તીસગઢ | : 98936 03333 | રાજસ્થાન | : 98750 03333 | બિહાર/ઝારખંડ/પટના | : 1860 266 6161 |
| આસામ | : 99571 93333 | મહારાષ્ટ્ર (મુંબઇ સિવાય) અને ગોવા | : 98906 03333 | તામિલનાડુ/પૉંડિચેરી | : 98406 73333 | જમ્મુ અને કાશ્મીર/ હિમાચલ પ્રદેશ (બીએસએનએલ લૅન્ડલાઇન પરથી ટોલ-ફ્રી) | : 1800 103 9733 |
| ગુજરાત | : 98982 71111 | ઓડિસા | : 99379 03333 | ઉત્તર પ્રદેશ/ ઉત્તરાખંડ | : 99359 03333 | મેઘાલય/ત્રિપુરા/ નાગાલૅન્ડ/મિઝોરમ/ અરુણાચલ પ્રદેશ/મણીપુર (બીએસએનએલ લૅન્ડલાઇન પરથી ટોલ-ફ્રી) | : 1800 345 3333 |
| હરિયાણા | : 99962 43333 | પંજાબ | : 98153 31111 | પશ્ચિમ બંગાળ/સિક્કીમ/ આંદામાન અને નિકોબાર | : 98310 73333 | | |
| કર્ણાટક | : 99458 63333 | | | | | | |
| કેરળ | : 98956 63333 | | | | | | |

**નિમ્ન સ્થળો માટે ટોલ ફ્રી નં.: 1800 425 4332**

આગ્રા/અજમેર/અલ્હાબાદ/બરેલી/ભુવનેશ્વર/બોકારો/કટક/ધનબાદ/દહેરાદુન/ઇરોડ/ગુવાહાટી/હિસ્સાર/જમ્મુ અને શ્રીનગર/જમશેદપુર/ઝાંસી/જોધપુર/કર્નાલ /કાનપુર/મદુરાઇ/મૅન્ગલોર/મથુરા/મેરટ/મોરાદાબાદ/મુઝફ્ફરપુર/મૈસુર/પાલી/પટિઆલા/રાજકોટ/રાંચી/રાઉરકેલા/સેલમ/શિમલા/સિલીગુરી/સિલવાસા/સુરત/ત્રિચી/ઉદયપુર/વારાણસી

જો તમે અમારાં ઉત્પાદનો અને સેવાઓ માટે તમને કૉલ ના આવે એવું ચાહતાં હો તો કૃપયા અમારી વેબસાઇટ www.hdfcbank.com પર લોગ ઓન કરો અને અમારા ડૉન્ટ કૉલ રજિસ્ટ્રેશન ઑપ્શન પર સ્વયંની નોંધણી કરાવો. છેલ્લામાં છેલ્લા જનરેટ કરવામાં આવેલા સ્ટેટમેન્ટમાં લેટ પેમેન્ટ ચાર્જીસ સાથે કાર્ડ ઍકાઉન્ટની વસૂલી કેશ પ્રોસેસીંગ ફીમાંથી બાકાત હશે.

MITC_Ver_1.46 May' 16

HDFC BANK
We understand your world